ગૂજરાત વિદ્યાપીઠ પરિવારનું મુખપત્ર

# વિદ્યાપીઠ-સેતુ

www.gujaratvidyapith.org

માત્ર શૈક્ષણિક હેતુ (અંગત વિતરણ) માટે

માર્ચ-એપ્રિલ ૨૦૨૩

## કુલનાયકની કલમે

### ચાલો ! ઉત્કૃષ્ટ બનીએ



શૈક્ષણિક વર્ષનો અંત નજીક છે ત્યારે સૌને અભિનંદન અને શુભકામનાઓ પાઠવું છું. ગૂજરાત વિદ્યાપીઠના પ્રલંબ પ્રવાસમાં વધુ એક ગૌરવશાળી વર્ષનો ઉમેરો થયો તેનો આનંદ મનાવીએ. એક સદીથી વધુની સફર ખેડી ચૂકેલી ગાંધીવિચાર આધારિત ક્રાંતિની કેળવણીથી સમાજ નૂતન દિશામાં ડગ માંડતો રહ્યો છે અને તેમાં ગૂજરાત વિદ્યાપીઠની નક્કર અને નોંધનીય ભૂમિકા છે. આ પ્રવાસને આપણે સાથે રહી ખેડવાનો છે, આગળ ધપાવવાનો છે.

'सा विद्या या विमुक्तये' એ આપણાં ધ્યેય મંત્રને સિદ્ધ કરવા આપણી મથામણ અવિરત ચાલે છે. વિમુક્તિનો અહેસાસ છેવાડાના જન સુધી પહોંચે ત્યારે સમાજની ઉત્કૃષ્ટતા સિદ્ધ થઈ ગણાય. ઉત્કૃષ્ટતા સિદ્ધ કરવાનું સૂત્ર બહુ સાદી રીતે સમજી શકાય તેવું છે. તેમાં ત્રણ ક્રિયાપદો અથવા ક્રિયાઓ ધ્યાનમાં લેવી પડે : (૧) પરિવર્તિત થવું, (૨) વિકસવું, અને (૩) ઉત્કૃષ્ટ થવું. એટલે કે ઉત્કૃષ્ટ થવા માટે વિકસવું પડે અને વિકસવા માટે પરિવર્તિત થવું પડે. અથવા આ વાતને ઊંધા ક્રમમાં જોઈએ તો જે પરિવર્તિત થાય તે વિકસે અને જે વિકસે તે ઉત્કૃષ્ટ થાય. સારનો સાર એ કે પરિવર્તિત થવું પડે. પરિવર્તિત થવું એટલે સમયને અનુરૂપ બનવું. સમાન્ય રીતે સમય કે પરિસ્થિતિ સમાજ કે વ્યક્તિને પરિવર્તિત કરી જ લે છે. ઘણી વાર કોઈ વ્યક્તિ કે સમાજ "હઠે ભરાય"અને પરિસ્થિતિને અનુકૂળ થવામાં નનૈયો ભણે કે ઢીલ રાખે તો સમય તેના ઉપર દબાણ કરે. આમ છતાં જે પરિવર્તનને ન સ્વીકારે તે ક્રમશઃ અવાવરું બની જાય; તેની પ્રસ્તુતતા ખતમ થઈ જાય. આ તથ્ય છે અને વિચાર સહિત બધે લાગુ પડે છે. જે અપ્રસ્તુત બની જાય કે અવાવરું થઈ જાય તેનું પણ ઐતિહાસિક મહત્ત્વ તો ટકી જ રહે છે. પરંતુ વર્તમાન મહત્ત્વ ઘટી જાય અથવા સમાપ્ત થઈ જાય છે.

પોતાના સ્વત્વને જાળવી રાખી સમય મુજબ પરિવર્તિત થાય તે વિકસે છે અને ક્રમશઃ ઉત્કૃષ્ટ બને છે. જે પરિવર્તિત થવાની હોડમાં લાગી જાય અને પોતાનું સ્વત્વ ગૂમાવી દે તે પોતાની મૂળ ઓળખ પણ ખોઈ બેસે છે. તેથી સમજપૂર્વક સમયસૂચકતા દાખવી સ્વત્વને જાળવી રાખી પરિવર્તનનો સ્વીકાર કરનાર વિકસે છે અને કાળના પ્રલંબ પટમાં પોતાની ઉત્કૃષ્ટતા સિદ્ધ કરી શકે છે.

સૌને જીવનમાં ઉત્કૃષ્ટ બનવા માટે વિકસવાની અને વિકસવા માટે સમજપૂર્વક પરિવર્તિત થવાની તક પ્રાપ્ત થતી જ હોય છે. આવી તક આપણને સાંપડે ત્યારે તેને ઓળખી શકવાની અને ખૂદ પરિવર્તિત થવાની ક્ષમતા આપણને પ્રાપ્ત થાઓ. અસ્તુ.

**- ભરત જોશી "પાર્થ મહાબાહુ"**
કાર્યકારી કુલનાયક, ગૂજરાત વિદ્યાપીઠ

## ગાંધી અધ્યયન વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ

**આંતરરાષ્ટ્રીય સિમ્પોઝીયમ**

તારીખ ૬ ફેબ્રુઆરી ૨૦૨૩થી ૮ ફેબ્રુઆરી ૨૦૨૩ દરમ્યાન વિભાગમાં '21 Century and Nonviolent way of life' વિષય ઉપર એક આંતરરાષ્ટ્રીય સિમ્પોઝીયમનું આયોજન કરવામાં આવ્યું હતું. જે જેમાં નિષ્ણાત તરીકે ફ્રાંસથી ક્રિટોફર ગ્રેગ્રી, કોંગોથી ડૉ. એરીક અને નેપાળથી શ્રી અર્જુન થાપા આવ્યા હતા. આ કાર્યક્રમમાં નિષ્ણાતોએ મ.દે. સમાજસેવા મહાવિદ્યાલયના ઉપાસના ખંડમાં વિદ્યાર્થીઓ અને અધ્યાપકો સાથે વિષય અનુરૂપ વાત કરી. પછી પત્રકારત્વ અને સમૂહપ્રત્યાયનના વિદ્યાર્થીઓ સાથે વિવિધ દેશોમાં ગાંધીજીના પ્રભાવની ચર્ચા કરવામાં આવી હતી.

**રાષ્ટ્રીય વેબિનાર**

તારીખ ૨૪ ફેબ્રુઆરી ૨૦૨૩ ના રોજ રાષ્ટ્રીય સેવા યોજના, શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન સંકુલ, સાદરા અને આજીવન શિક્ષણ અને વિસ્તરણ વિભાગ, અમદાવાદના સહયોગથી 'બા-બાપુ એક અનોખા દામ્પત્ય જીવન'વિષય ઉપર રાષ્ટ્રીય વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની અધ્યક્ષતા ઇ.કુલનાયકશ્રી ભરતભાઈ જોષીએ કરી હતી. સંચાલન ડૉ. નીરજ સિલાવટે કર્યું હતું. મુખ્ય વક્તા તરીકે શ્રીમતી ભદ્રાબેન સવાઈએ ગાંધીજી અને કસ્તૂરબાના દામ્પત્ય જીવનના વિવિધ પ્રસંગોથી યુવા પેઢીને પ્રેરણા મળે એ સંદર્ભે વાત કરી હતી. કાર્યક્રમમાં ૨૨૦ જેટલા પ્રતિભાગીઓએ ભાગ લીધો હતો.

## સમાજકાર્ય વિભાગ, મહાદેવ દેસાઈ સમાજસેવા મહાવિદ્યાલય, અમદાવાદ

**વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન :**

તા. ૩૦/૦૧/૨૩ના રોજ યુવક વિકાસ ટ્રસ્ટ,અમદાવાદ દ્વારા "ગાંધી નિર્વાણ દિન" નિમિત્તે વક્તૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં અમદાવાદ અને ગાંધીનગર જીલ્લાની વિવિધ કૉલેજોમાંથી અંદાજીત ૭૦ જેટલા યુવાનોએ ભાગ લીધો હતો. વકતૃત્વ સ્પર્ધાનો વિષય "પ્રવર્તમાન સમસ્યાઓનું સમાધાન છે ગાંધીવિચાર" હતો. જેમાં સમાજકાર્ય પારંગત સેમ -૦૪ની વિદ્યાર્થિની પ્રગતિ ઝાલાવાડિયા પ્રથમ ક્રમે આવી હતી. સંસ્થા દ્વારા પ્રોત્સાહક ઇનામ પેટે ૨૫૦૦/- નો ચેક અને સર્ટીફીકેટ આપવામાં આવ્યું હતું.

**નિબંધ લેખન સ્પર્ધાઃ**

તા,૦૫/૦૩/૨૩ના રોજ સર્વોદય સ્કૂલ રાજકોટ ખાતે શ્રી અરવિંદ ઘોષની ૧૫૦મી જન્મ જયંતી નિમિતે રાજ્ય કક્ષાની નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. સમાજકાર્ય (મનોચિકિત્સા) વિભાગની




વિદ્યાર્થિની નયના મછાર પ્રથમ ક્રમે આવી હતી. પ્રોત્સાહક ઇનામ પેટે સર્ટીફીકેટ અને ટ્રોફી આપવામાં આવી હતી.

**ક્રિકેટ મેચમાં વિજેતા :**

તા. ૨૬/૦૩/૨૩ના રોજ ગૂજરાત વિદ્યાપીઠ ,અમદાવાદ ખાતે વિવિધ વિભાગના વિદ્યાર્થીઓ અને સેવક પરિવાર દ્વારા ક્રિકેટ મેચનું આયોજન કરવામાં હતું. જેની ફાઈનલ મેચ સમાજકાર્ય વિભાગ ફજીસેવક પરિવારની યોજાઈ હતી. જેમાં સમાજકાર્ય વિભાગની ટીમ વિજેતા બની



હતી. મ.દે.સંકુલના સંયોજક ડૉ કમલેશભાઈ પટેલના હસ્તે ટીમના કેપ્ટન નિખિલેશ સંગાડાને ટ્રોફી આપવામાં આવી હતી. સંયોજકશ્રીએ વિજેતા ટીમના સૌ સભ્યોને શુભેચ્છાઓ પાઠવી હતી.

**ચંદીગઢ યુનિવર્સીટી ખાતે WUSHU સ્પર્ધામાં ભાગીદારી :**




તા. ૦૭થી ૧૧ ફેબ્રુઆરી-૨૦૨૩ દરમ્યાન ચંદીગઢ યુનિવર્સિટી, ચંડીગઢ ખાતે WUSHU સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેના સમાજકાર્ય (મનોચિકીત્સા) વિભાગમાંથી નયના જોગરાજીયા અને કિંજલનીનામાએ ભાગીદારી નોધાવી હતી.

## પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ અને ગુજરાતી વિભાગ મ.દે. સમાજસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

તા. ૨૧/૨/૨૦૨૩ને મંગળવારના રોજ ગુજરાતી વિભાગ અને પત્રકારત્વ વિભાગના સંયુક્ત ઉપક્રમે 'માતૃભાષા દિવસ'ની ઉજવણીનો કાર્યક્રમ યોજાઈ ગયો.

વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણીના ભાગરૂપે બપોર પછીના કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના અધ્યાપકો અને વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ માતૃભાષા દિવસની ઉજવણી સંદર્ભે ગુજરાતી ભાષાને પ્રોત્સાહન આપવા ગૌરવયાત્રાનું આયોજન કરવામાં આવ્યું. બપોરના ત્રણ વાગ્યાની

ગરમીમાં પણ ગૂજરાત વિદ્યાપીઠથી ગાંધી આશ્રમ સુધી વિદ્યાર્થીઓ અને અધ્યાપકો પગપાળા ચાલ્યા હતા. આ યાત્રા વિદ્યાપીઠથી શરૂ કરીને ઉસ્માનપુરા ચાર રસ્તા, વાડજ સર્કલ, ચંદ્રભાગા પુલ થઈ સત્યાગ્રહ આશ્રમ (ગાંધીઆશ્રમ)ખાતે પહોંચી હતી. આશ્રમમાં ગાંધીજીની પ્રતિમાને સૂતરની આંટી પહેરાવી હતી. ત્યાંના સંચાલક શ્રી અમૃતભાઈ મોદીએ માતૃભાષાનો મહિમા સમજાવી આશ્રમની સ્થાપના અને ગાંધીજીના કાર્યોની ઝાંખી કરાવી હતી. ત્યારબાદ વિદ્યાર્થીઓએ પ્રદર્શન જોયું.

ગુજરાતી ભાષા સાહિત્ય વિભાગ અને પત્રકારત્વ અને સમૂહ પ્રત્યાયન વિભાગ દ્વારા સાથે મળીને યાત્રાનું આયોજન કર્યું હતું. યાત્રાનું પ્રસ્થાન સંયોજક શ્રી કમલેશભાઈ અને ડો. સંજયભાઈ મકવાણાએ કરાવ્યું. વિવિધ વિભાગના અધ્યાપકો અને સેવકો પદયાત્રીઓને પ્રોત્સાહન આપવા મુખ્ય દરવાજે એકત્રિત થયા હતા.ડો. અશ્વિનકુમારનું માર્ગદર્શન અને મહેશભાઈનું યાત્રા સંચાલન સરસ રહ્યું હતું.

## શિક્ષણ વિદ્યાશાખા (IASE), ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

**વિદ્યાર્થીઓની કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગરાની મુલાકાત:**

તા.૧૩-૦૩-૨૦૨૩ થી ૨૪-૦૩-૨૦૨૩ દરમિયાન B.Ed.(Hindi)માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ કેન્દ્રીય હિન્દી સંસ્થાન, આગરા મુકામે સંવર્ધનાત્મક કાર્યક્રમમાં જોડાયા હતા. સંવર્ધનાત્મક કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓ હિન્દી ભાષા



અને સાહિત્યના સવિશેષ પરિચયમાં આવે તેવા વ્યાખ્યાનો યોજાયા હતા. વિદ્યાર્થીઓ હિન્દીભાષા અને ભાષકો સાથે પ્રત્યક્ષ સંપર્કમાં આવે અને ભાષાકીય સજ્જતા કેળવે તેવા આશયથી આ કાર્યક્રમ યોજાયો હતો. ગોકુલ, મથુરા, વૃદાવન, સિકંદરા, તાજમહેલ, ફતેહપુર સિક્રીની મુલાકાત પણ લીધી હતી. કાર્યક્રમનું સંયોજન ડૉ. અશોક પરમાર અને ડૉ. સોનલબેન પટેલે કર્યું હતું.

**વિશ્વ કવિતા દિવસની ઉજવણી:**

તા. ૨૩-૦૩-૨૦૨૩ના રોજ 'વિશ્વ કવિતાદિવસ'ની ઉજવણી કરવામાં આવી હતી. યુવા કવિશ્રી રાણા બાવળિયા અને જીતુભાઈ વાઢેરે વિદ્યાથીર્ઓ 'કાવ્યપઠનની કળા' વિષય પર માર્ગદર્શન આપ્યું હતું. વિવિધ પ્રકારના પદ્યસ્વરૂપોનું પઠન કેવી રીતે કરી શકાય તેના નમૂનાઓ પૂરા પાડ્યા હતા. બન્ને કવિઓએ સ્વરચિત કાવ્યોનું પઠન કરીને કાવ્યપઠનની કૂંચીઓ પૂરી પાડી હતી. વિદ્યાશાખાના વિદ્યાર્થી




રોનકબા ગઢવી અને પ્રદીપ વસાવાએ પણ સ્વરચિત કાવ્યનો પાઠ કર્યો હતો. અધ્યક્ષશ્રી પ્રો. દીપુબા દેવડાએ આ કાર્યક્રમને ભાવિ શિક્ષકો માટે ખૂબ જ ઉપકારક ગણાવ્યો હતો. કાર્યક્રમનું આયોજન અને સંકલન નીતિનકુમાર ઢાઢોદરાએ કર્યું હતું.

**જ્યોતિસંઘ અને નશાબંધી મંડળની મુલાકાત:**

તા. ૧૬-૦૩-૨૦૨૩ના રોજ શિક્ષણ વિદ્યાશાખામાં સામાજિક વિજ્ઞાન પદ્ધતિશાસ્ત્રના વિદ્યાર્થીઓ જ્યોતિસંઘ અને નશાબંધી મંડળની મુલાકાતે ગયા હતા. મુલાકાત દરમિયાન વિદ્યાથીઓર્એ બન્ને




સંસ્થાઓનાં હેતુઓ અને કામગીરીની દૃશ્ય-શ્રાવ્ય માધ્યમોની મદદથી માહિતી મેળવી. કાર્યક્રમનું માર્ગદર્શન પ્રો. ડાહ્યાભાઈ પટેલે આપ્યું હતું.

**નાટ્ય અને કલા વિષયના વિદ્યાર્થીઓની કૃતિઓનું પ્રદર્શન:**

તા. ૨૫-૦૩-૨૦૨૩ના રોજ 'નાટ્ય અને કલા' વિષયમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અભ્યાસના ભાગરૂપે નિર્માણ કરેલી કૃતિઓનુ પ્રદર્શન યોજ્યું હતું. વિદ્યાર્થીઓએ સર્જનાત્મકતાનો ઉપયોગ કરીને વિવિધ કૃતિઓનું નિર્માણ કર્યું હતું.



કાગળકળા, માટીકફા અને હસ્તકળાની આ કૃતિઓમાં તોરણ, પુષ્પગુચ્છ, ઢીંગલી, ઘડિયાફ, પક્ષીઘર, ફોટોફ્રેમ, ફુલદાની, ઘર, કૂંજો, લટકણિયા વગેરે જેવી એકસોથી વધુ કૃતિઓનું નિર્માણ કર્યું હતું. ઉપાસનાખંડમાં આ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. પ્રદર્શનનું ઉદ્દઘાટન અધ્યક્ષશ્રી પ્રો. દીપુબા દેવડા અને સાથી–અધ્યાપકોએ કર્યું હતું. 'નાટ્ય અને કલા' વિષયનું અધ્યાપન કરાવતા અધ્યાપક પ્રો. છનાભાઈ ભીંસરાનાં માર્ગદર્શન હેઠળ સમગ્ર કાર્યક્રમ યોજાયો હતો.

**પ્રશ્નમંચ સ્પર્ધાનું આયોજન :**

G-20 અંતર્ગત શિક્ષણ વિદ્યાશાખામાં તા. ૨૫-૦૩-૨૦૨૩ના રોજ પ્રશ્નમંચ સ્પર્ધાનું આયોજન થયું હતું. તા. ૧૮-૦૩-૨૦૨૩ના રોજ પ્રથમ તબક્કામાં પ્રશ્નમંચ સ્પર્ધા ઓનલાઈન મોડમાં યોજાઈ હતી. જેમાં ૧૪૩ વિદ્યાથીર્ઓ સહભાગી થયા હતા. પાંચેય વર્ગમાં સૌથી વધુ ગુણ મેફવનારા વિદ્યાથીર્ઓ વચ્ચે દ્વિતીય તબક્કામાં તા. ૨૧-૦૩-૨૦૨૩ના રોજ સેમિફાઈનલ રાઉન્ડ યોજાયો. તા. ૨૫-૦૩-૨૦૨૩ના રોજ પાંચેય વર્ગનાં સૌથી વધુ ગુણ મેફવનારા ત્રણ વિદ્યાથીર્ઓની ટીમ વચ્ચે ફાઈનલ રાઉન્ડ યોજાયો હતો. સમગ્ર સ્પર્ધા ઓનલાઈન મોડમાં યોજવામાં આવી હતી. પ્રશ્નમંચ સ્પર્ધાનું ઉપાસનાખંડમાં જીવંત પ્રસારણ કરવામાં આવ્યું હતું. સ્પર્ધાને અંતે, સ.ઈદ્ધં.-૪ વર્ગની ટીમ (જગદીશ મકવાણા, અનિલ વનાણી, હરેન્દ્ર વસાવા) પ્રથમક્રમે વિજેતા થઈ હતી. B.Ed.-૨ વર્ગની ટીમ (જગમાલ પટેલ, નિલમ કલાસવા, રવિ રબારી) દ્વિતીયક્રમે વિજેતા થઈ હતી. અને M.Ed.-૨ વર્ગની ટીમ (ધર્મેશ ચૌધરી, જયેશ તરિયા, સંદેશા ચૌધરી) તૃતીયક્રમે વિજેતા થઈ હતી. સ્પર્ધાને અંતે અધ્યક્ષશ્રી પ્રો. દીપુબા દેવડાએ વિજેતાઓને



અભિનંદન પાઠવ્યા હતા. પ્રો. છનાભાઈ ભીંસરા દ્વારા સહભાગીઓનું પુષ્પ દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. સમગ્ર સ્પર્ધાનું સંયોજન ડૉ. નિલેશ કાપડિયા અને ડૉ. નીતિનકુમાર ઢાઢોદરા દ્વારા કરવામાં આવ્યું હતું.

**વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ ISROની મુલાકાતે :**

તા. ૨૫-૦૩-૨૦૨૩ના રોજ ગણિત-વિજ્ઞાન વિષયના વિદ્યાર્થીઓ ISRO ની મુલાકાતે ગયા હતા. ISROમાં સૌ પ્રથમ વિદ્યાથીર્ઓએ વિજ્ઞાન વિષયક શોર્ટફિલ્મ નિહાફી. ત્યારબાદ અધિકારીઓ દ્વારા સૌને વિભિન્ન સ્પેસશટલની કામગીરીથી પરિચિત કરવામાં આવ્યા હતા. વિદ્યાથીર્ઓને ચંદ્રયાન



અને મંગફયાન દ્વારા મોકલવામાં આવેલી તસવીરો વિશે સામાન્ય માહિતી આપવામાં આવી. સુંદરવનમાં જઈને વિવિધ પશુ અને પક્ષીઓની લાક્ષણિકતાઓનો પરિચય મેળવ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંયોજન પ્રો. જિજ્ઞેશભાઈ પટેલે કર્યું હતું.

**પ્રશંસા પ્રમાણપત્ર એનાયત થયું :**

M.Ed.નો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ ઉદ્યોગના ભાગરૂપે પાલક, તાંદળજો, કોથમરી અને મેથીની કુદરતી ખેતી કરે છે. તા. ૨૬-૦૩-૨૦૨૩ના રોજ વિદ્યાર્થીઓને ગુજરાત કુદરતી ઉપચાર મહામંડળ દ્વારા પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં હતાં. મહામંડળના પ્રમુખ પ્રો. આરતીબેન કસ્વેકરે વિદ્યાર્થીઓ અને અધ્યાપકોને શિક્ષણ સાથે પ્રકૃતિનો અનુબંધ સાધતી આ પ્રવૃત્તિ કરવા બદલ અભિનંદન પાઠવ્યા હતા.



**B.Ed. અને M.Ed. પ્રવેશ-૨૦૨૩ માટે પ્રવેશ કસોટી :**

તા. ૨૬-૦૩-૨૦૨૩ના રોજ શિક્ષણ વિદ્યાશાખામાં B.Ed. અને M.Ed. પ્રવેશ-૨૦૨૩ માટે પ્રવેશ પરીક્ષા યોજાઈ હતી. પરીક્ષા પહેલા અધ્યક્ષશ્રી પ્રો. દીપુબા દેવડાએ પ્રવેશવાંછુ ઉમેદવારોને ગૂજરાત



વિદ્યાપીઠ અને શિક્ષણ વિદ્યાશાખાનો પરિચય આપ્યો હતો. વિદ્યાશાખાના અધ્યાપકોએ પોતાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. સમગ્ર પ્રવેશ કસોટીનું સંયોજન કરવાની સાથે જ પરીક્ષા વ્યવસ્થાપક પ્રો. ડાહ્યાભાઈ પટેલે ઉમેદવારોને જરૂરી સૂચનાઓ આપી સૌને પ્રશ્નપત્રનાં માળખાંથી પરિચિત કર્યા હતા.

**IITEના વિદ્યાર્થીઓ વિદ્યાશાખાની મુલાકાતે:**

તા.૨૮-૦૩-૨૦૨૩ના રોજ IITEમાં M.A.-M.Ed. અને M.Sc.-M.Ed.માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ શિક્ષણ વિદ્યાશાખામાં અભ્યાસના ભાગરૂપે




મુલાકાત લેવા માટે આવ્યા હતા. પ્રો. ડાહ્યાભાઈ પટેલે સૌનું સ્વાગત કરી વિદ્યાશાખાનો સંક્ષિપ્ત પરિચય આપ્યો હતો. વિદ્યાર્થીઓએ ગૂજરાત વિદ્યાપીઠના વિવિધ ઉદ્યોગો, શિક્ષણશૈલી, આદિવાસી સંગ્રહાલય, મોરારજી દેસાઈ સંગ્રહાલય, વિજ્ઞાનકેન્દ્ર અને ઐતિહાસિક સ્થળોની મુલાકાત લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંયોજન પ્રો. જિજ્ઞેશભાઈ પટેલ અને નીતિનકુમાર ઢાઢોદરાએ કર્યું હતું.

**રામનવમીની ઉજવણી :**

તા. ૩૦-૦૩-૨૦૨૩ના રોજ શિક્ષણ વિદ્યાશાખામાં રામનવમીની ઉજવણી કરવામાં આવી હતી. ઉપસનાખંડમાં ભગવાન શ્રીરામનું પૂજન કર્યા બાદ તેમનાં



જીવન અને કવનની ગાથા ગાતા ભજનોનું ગાન કરીને વિદ્યાર્થીઓએ સમગ્ર વાતાવરણ આધ્યાત્મિક બનાવી દીધું હતું. પ્રો. છનાભાઈ ભીંસરાએ રામના જીવનમાંથી વિદ્યાર્થી તરીકે ઉતારવા જેવા ગુણો વિશે વિગતવાર વાત કરી હતી. અધ્યક્ષશ્રી પ્રો. દીપુબા દેવડાએ સૌને રામનવમીની શુભકામનાઓ પાઠવી હતી.આયોજન પ્રો.છનાભાઈ ભીંસરાએ કર્યું હતું.

**શિક્ષક અભિયોગ્યતા કસોટી માર્ગદર્શન વર્ગ :**

તા. ૨૭-૩-૨૩ થી ૧-૪-૨૩ દરમિયાન શિક્ષણ વિદ્યાશાખામાંશિક્ષક અભિયોગ્યતા કસોટી માર્ગદર્શન વર્ગનું આયોજન થયું હતું. માર્ગદર્શન વર્ગના ઉદ્દઘાટન સમારોહમાં અધ્યક્ષશ્રી પ્રો. દીપુબા દેવડાએ વિદ્યાર્થીઓને કસોટીમાં જવલંત



સિદ્ધિ મેળવવા માટે પ્રેરિત કર્યા હતા. સૌ અધ્યાપકોએ બાળમનોવિજ્ઞાનના વિવિધ વિષયો જેવા કે બુદ્ધિ, શારીરિક વિકાસ, સાંવેગિક વિકાસ, તર્કશક્તિ, રાષ્ટ્રીય શિક્ષણનીતિ, સમાવેશી શિક્ષણ, શિક્ષણનો અધિકાર, ક્રિયાત્મક સંશોધન, વૈયક્તિક તફાવતો વગેરે જેવા મુદ્દાઓ પર માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમનું સંયોજન પ્રો. મહેશ દીક્ષિત, ડૉ. નિલેશ કાપડિયા અને નીતિનકુમાર ઢાઢોદરાએ કર્યું હતું.

**સ્વ. રવીન્દ્રભાઈ દવેને શ્રદ્ધાંજલિ :**

તા. ૩૧-૦૩-૨૦૨૩ના રોજ શિક્ષણ વિદ્યાશાખામાં સમગ્ર શિક્ષણ જગતને દિશા આપનારા, NCERTને માર્ગદર્શન પૂરું પાડનારા, માતૃભાષા પ્રેમી, ગૂજરાત વિદ્યાપીઠના માનદ્ પ્રાધ્યાપક સ્વ. રવીન્દ્રભાઈ દવેને શ્રદ્ધાંજલિ અપાઈ. બે મિનિટનું મૌન રાખી સદ્‌ગતના આત્માને શાંતિ મળે તે માટે પ્રાર્થના કરી હતી.

અધ્યક્ષાશ્રી પ્રો. દીપુબા દેવડાએ પ્રો. રવીન્દ્રભાઈ દવેના જીવન અને કાર્યનો વિદ્યાર્થીઓને પરિચય કરાવ્યો હતો. કાર્યક્રમનું સંયોજન નીતિનકુમાર ઢાઢોદરાએ કર્યું હતું.



## કમ્પ્યુટર વિજ્ઞાન વિભાગ, મ.દે. સમાજસેવા સંકુલ, અમદાવાદ

**ચર્ચા :**

તા.૧ માર્ચ, ૨૦૨૩ ના રોજ વિભાગ દ્વારા ડીબેટ (ચર્ચા)નું આયોજન કરવામાં આવ્યું હતું. જેનો વિષય SQL vs NoSQL હતો. આ ડીબેટ વિષય શિક્ષક ડૉ. મીરાબહેન કંસારા તથા શ્રી ધીરેનભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ યોજાઇ હતી.



ચર્ચામાં વિભાગનો સમગ્ર સ્ટાફ તથા વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા. ચર્ચાનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં SQL અને NoSQL નું જ્ઞાન વધારવાનો તથા વિદ્યાથીઓંનું ભાષા પરનું પ્રભુત્વ વધારવાનો હતો. ડીબેટમાં વિદ્યાથીઓર્એ ઉત્સાહભેર ભાગ લીધો હતો.

**Tech vision ૨૦૨૩ સ્પર્ધા**

તા.૦૪/૦૨/૨૦૨૩ના રોજ સાંકળચંદ પટેલ યુનિવર્સિટીમાં સ્ટેટ લેવલ ટેક ફેક્ટ Tech vision ૨૦૨૩ સ્પર્ધા યોજાયેલ હતી. PGDCAના વિદ્યાર્થીઓએ અધ્યક્ષ ડો. અજયભાઈ પરીખ સાહેબ તથા કો.ઓર્ડીનેટર ડો. મીરાંબહેન કંસારાના માર્ગદર્શન હેઠળ ટેક પ્રેઝન્ટેશન, પોસ્ટર પ્રેઝન્ટેશન, કોડ વિલા, વેબ સ્પીયર જેવી ઈવેન્ટમાં ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં જુદી-જુદી કૉલેજોના લગભગ ૩૦૦ જેટલા વિદ્યાથીઓર્એ ભાગ લીધો હતો. સ્પર્ધાની ટેક પ્રેઝન્ટેશન ઈવેન્ટમાં વિદ્યાપીઠના વિદ્યાર્થી અનિલ ઠાકરડા, શૈલેષ પરમાર અને પરીક્ષિતસિંહ વાઘેલાએ બ્લુ આઇસ (BLUE EYES) ટેકનોલોજી વિશે પ્રેઝન્ટેશન કર્યું હતું. તેમા તેમનો પહેલો નંબર આવ્યો હતો તથા પોસ્ટર પ્રેઝન્ટેશનમાં કોમલ મારકણા, વિધિ મેર અને સાગર શેખનો પહેલો નંબર આવ્યો હતો અને કોડ વિલામાં માલવ પારેખનો ત્રીજો નંબર આવ્યો હતો અને વેબ સ્પીયરમાં લક્ષ્મણસિંહ ચૌહાણનો બીજો નંબર અને માલવ પારેખનો ત્રીજો નંબર આવ્યો હતો.



**CYBER SHADEZ ૨૦૨૩ સ્પર્ધા**

૨૫-૦૨-૨૦૨૩ના રોજ GLS (ગુજરાત લૉ સોસાયટી) યુનિવર્સિટીમાં નેશનલ લેવલ ટેક ફેક્ટ CYBER SHADEZ – ૨૦૨૩ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વિભાગના વિદ્યાથીઓર્એ અધ્યક્ષ ડો. અજયભાઈ પરીખ, કો.ઓર્ડીનેટર ડો. મીરાંબહેન કંસારાના માર્ગદર્શનમાં IT Treasure




Hunt, IT Quiz, Code Jigsaw, Python Charmer, Squash the bug જેવી ઈવેન્ટમાં ભાગ લીધેલ હતો. આ ઈવેન્ટમાં વિવિધ કૉલેજોમાંથી લગભગ ૨૫૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં Code Jigsawની ઈવેન્ટમાં વિદ્યાપીઠના વિદ્યાર્થીઓ અજય મોલાડિયા તથા મોનાર્ક ગોધાણી પ્રથમ ક્રમે અને Squash the bugની ઈવેન્ટમાં સિદ્ધરાજ રાજપૂત તથા હિતેશકુમાર પ્રથમ ક્રમે અને હર્ષકુમાર પરમાર તથા અનિસ ગુપ્તા બીજા ક્રમે અને IT Treasure Huntની ઈવેન્ટમાં ચાર્મી ઠુંમર તથા રવિના ભૂત બીજા ક્રમે વિજેતા બન્યા હતા.

## ગૂજરાત વિદ્યાપીઠ ગ્રંથાલય, અમદાવાદ

**ગ્રંથપ્રદર્શન**

મધ્યસ્થ ગ્રંથાલય, અમદાવાદ દ્વારા તા.૨૧/૦૨/૨૦૨૩ થી ૨૭/૦૨/૨૦૨૩ સુધી આંતરરાષ્ટ્રીય માતૃભાષા દિવસ નિમિત્તે ગ્રંથપ્રદર્શન યોજવામાં આવ્યું હતું. અનેક વાચકોએ પ્રદર્શનમાં રસ દાખવ્યો હતો.

**NDLI Club Event**

તા. ૨૮/૦૨/૨૦૨૩ ના રોજ વિદ્યાશાખા અને IQACના સહયોગમાં E -Journals Access using J-GatePlus@eSS વિષય પર NDLI Club Eventનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૨૧૯ વિદ્યાર્થીઓ અને શૈક્ષણિક સેવકોએ કાર્યક્રમમાં ભાગ લીધેલ. વક્તા શ્રી મયંક દેઢિયા, (મેનેજર, Informatics Publishing Ltd) દ્વારા J-GatePlus ઓનલાઈન ડેટાબેઝના ઉપયોગ, માહિતી શોધની વિવિધ પ્રયુક્તિઓ, વ્યક્તિગત પ્રોફાઈલ સંચાલન જેવી બાબતો આવરી લેવામાં આવી હતી. ડૉ. રંજન મકવાણા અને ડૉ. અતુલ અકબરીએ સંયોજક તરીકેની જવાબદારી નિભાવી હતી.

**ગ્રંથાલય અભિમુખતા**

વિવિધ સંસ્થાઓમાંથી આવનાર શૈક્ષણિક મુલાકાતીઓ અને ગૂજરાત વિદ્યાપીઠ વિરાસત યાત્રા અંતર્ગત આવનાર મુલાકાતીઓને ગ્રંથાલયની મુલાકાત, વિવિધ વિભાગો અને સેવાઓનો વારંવાર પરિચય આપવામાં આવે છે.

## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, રાંધેજા, ગાંધીનગર

**પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ જીવંત પ્રસારણ :**

તા.૨૭-૦૨-૨૩ને સોમવારના રોજ કૃષિ વિજ્ઞાન કેન્દ્ર રાંધેજા ખાતે જીલ્લાના ખેડૂતો માટે માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કર્ણાટક રાજ્યના બેલાગાવીથી પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજનાના ૧૩માં



હપ્તાના લોન્ચિંગ કાર્યક્રમનું જીવંત પ્રસારણ યોજવામાં આવેલ. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે ગાંધીનગર શહેરના કોર્પોરેટર શ્રી રાકેશભાઈ પટેલ તેમજ તાલુકા પંચાયત સદસ્ય ઇન્દ્રવર્ધનભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. મહેમાનશ્રીઓનું કેન્દ્રના વડા ડૉ. વી. કે. ગર્ગ દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ખેડૂતોને પ્રાકૃતિક ખેતી અંગે વિષય નિષ્ણાંત શ્રી વિનયભાઈ ગોર અને ભરતભાઈ ભોગાયતા દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કુલ ૮૯ જેટલા ખેડૂત ભાઈઓ બહેનો, વિદ્યાર્થીઓ અને જુદા જુદા વિભાગના કર્મચારીઓએ ભાગ લીધો હતો.

## हिन्दी हिन्दुस्तानी प्रचार समिति, हिन्दी भवन, गूजरात विद्यापीठ, अहमदाबाद

**गुजराती परीक्षाएँ :-**

बिन गुजराती भाई-बहनों के लिये हिन्दी भवन से गुजराती की पाँच परीक्षाएँ गुजराती बालपोथी, प्राथमिक, सुबोध, प्रबोध और विनय सन् १९५६से ली जाती है। दिनांक १६ अक्तूबर २०२२में ३ केन्द्रों में ११७ और ५ मार्च २०२३में २ केन्द्रों में १०८ परीक्षार्थीओने नामांकन कीया।

**पुरस्कार :-**

गुजरात में प्रथम आनेवाले परीक्षार्थी को क्रमानुसार रु.४००/- का पुरस्कार देकर समारोह का आयोजन करके उनका सन्मान किया जाता है। उपरोक्त प्रत्येक जिले में प्रथम तीन आनेवालों को रु.१५१/-, रु.१००/- तथा रु.७५/- के इनाम दिये जाते हैं। उपरांत विद्यार्थी को तथा अभिभावक या शिक्षक को अपने घर से कार्यक्रम स्थान तक आने-जाने का बस या रेल का दूसरे वर्ग का किराया या वास्तविक किराया दिया जाता है। पुरस्कार वितरण कार्यक्रम गुजरात के अलग-अलग स्थानों पर किया जाता है।

**महाराष्ट्र-गुजरात संयुक्त हिन्दी वक्तृत्व स्पर्धा:-**

इस वर्ष भी प्रति वर्ष की तरह महाराष्ट्र-गुजरात संयुक्त हिन्दी वक्तृत्व स्पर्धा ता. १४वीं सितम्बर 'हिन्दी दिवस' के दौरान आयोजित की गई थी। बाद में अपने अपने जिले में हिन्दी वक्तृत्व स्पर्धा मे प्रथम आनेवालों की स्पर्धा होती हैं। इस के बाद गुजरात राज्य की वक्तृत्व स्पर्धा तथा आंतराज्य की वक्तृत्व स्पर्धा होती है।

**पश्चिम भारत हिन्दी निबंध लेखन स्पर्धा:-**

यह स्पर्धा चार विभागों में आयोजित की जाती है। प्रत्येक विभाग में चार-चार इनाम दिये जाते हैं। महाराष्ट्र-गुजरात में संयुक्त प्रथम विभाग में तथा दूसरे विभाग में रु.३००/-, रु.२००/-,

रु.१५०/–, रु.१००/–; तीसरे–चौथे विभाग में रु. ३५०/–, रु. २५०/–,रु. २००/–,रु. १००/– के पुरस्कार दिये जाते हैं। यह स्पर्धा भी महाराष्ट्र राष्ट्रभाषा सभा, पुणे तथा गूजरात विद्यापीठ के संयुक्त तत्त्वावधान में आयोजित की जाती है । प्रथम आनेवाले को स्मृतिचिह्न दिया जाता है।

**गीता पठन पारितोषिक योजना :-**

गूजरात विद्यापीठ, अहमदाबाद तथा गीता प्रतिष्ठान मुंबई (महाराष्ट्र) प्रेरित गीतापठन परीक्षा 'मोक्षदा एकादशी' गीता जयंती मागशर सुद अगियारस को ली जाती हैं। ०३ दिसंबर २०२२में २ केन्द्रो में से ३६९ परीक्षार्थीओने भाग लिया था।

**गुजराती वर्तनी सुधार परीक्षा :-**

गूजरात विद्यापीठ के द्वारा गुजराती वर्तनी सुधार परीक्षा गुजरात राज्य की सभी शालाओं में आयोजित की गई थी । इस परीक्षामें पास होने के लिए ४० अंक प्राप्त करना आवश्यक होता है।

**हिन्दी परीक्षा विभाग :- विभागमें निम्नलिखित परीक्षाए हुई. विभाग के सभी कार्यकर्ताओने उत्साह से कार्य किया.**

| क्रम | परीक्षा | कुल वर्ष २०२१-२०२२ | सितंबर २०२२ | जनवरी २०२२ | फरवरी २०२३ | कुल २०२२-२०२३ |
|---|---|---|---|---|---|---|
| १ | हिन्दी बालपोथी | – | २२४७१ | – | ४५५६ | २७०२७ |
| २ | हिन्दी पहली | – | २३९३५ | – | ४२३८ | २८१७३ |
| ३ | हिन्दी दूसरी | १६११७ | ३१४४७ | – | ४४५५ | ३५९०२ |
| ४ | हिन्दी तीसरी | ६९६३ | १४१७८ | – | २२५२ | १६४३० |
| ५ | हिन्दी विनीत | ७५७४ | ८८५२ | – | २१६४ | ११०१६ |
| ६ | हिन्दी सेवक खंड-१ | – | – | – | – | |
| ७ | हिन्दी सेवक खंड-२ | – | – | – | – | |
| ८ | हिन्दी सेवक अखंड | १४२ | – | १०० | – | १०० |
| | कुल | ३०७९६ | १००८८३ | १०० | १७६६५ | ११८६४८ |

**केन्द्र संख्या** :- सन् २०२१-२०२२ और सन् २०२२-२०२३ की केन्द्र संख्या

| सितम्बर २०२१ + फरवरी २०२२ | सितम्बर २०२२ + फरवरी २०२३ |
|---|---|
| २६९ + १८७ = ४५६ | ७८४ + २२६ = १०१० |

**गांधीविचार-प्रचार परीक्षाएँ:-** वर्ष २०२२और २०२३ जनवरी-सितंबर में गांधी निर्वाणदिन और जन्मजयंती के उपलक्ष्य में गांधीविचार-प्रचार परीक्षाएँ गुजरात तथा महाराष्ट्र में ली गई। जिसका ब्यौरा इस प्रकार है :

| क्रम | परीक्षा का नाम | अक्तूबर २०२२ | जनवरी २०२३ |
|---|---|---|---|
| १ | गांधीजीवन झाँखी | २८४८ | ५३१ |
| २ | गांधीजीवन स्मृति | १५१४ | ३६१ |
| ३ | गांधीविचार प्रवेश | २०४९ | २०८ |
| ४ | गांधीविचार परिचय | १६६६ | १८४ |
| ५ | गांधीविचार चिंतन | ७१० | १०१ |
| ६ | गांधीविचार मनन | २२६ | १५ |
| ७ | गांधीविचार मीमांसा | २२३ | २२ |
| | | ९२३६ | १४२२ |





Address : Editor : Punita Harne 'Vidyapith Setu', Dept. of Journalism & Mass Communication, Gujarat Vidyapith,
Publisher : Nikhil Bhatt, I/C Registrar, Gujarat Vidyapith, Ashram Marg, Ahmedabad-380 009.